
શો બાજ

# OTTએ હીરો કે વિલન જેવી જૂની વ્યાખ્યાઓ બદલી છે! – તાહિર રાજ ભસીન



### ‘Special Ops 2’ પછી બદલાવને કેવી રીતે જુઓ છો?

મને લાગે છે કે દરેક એક્ટર પોતાની કારકિર્દીમાં એવા એક-બે પ્રોજેક્ટની રાહ જોતો હોય છે, જે દર્શકો સાથે અલગ રીતે જોડાઈ જાય. ‘Special Ops 2’ મારા માટે એવો જ એક પ્રોજેક્ટ રહ્યો. લોકો માત્ર મારા કેરેક્ટર વિશે જ નહીં, પણ તેની પાછળની તૈયારી અને પરફોર્મન્સ વિશે પણ વાત કરી રહ્યા છે, એક એક્ટર તરીકે આનાથી મોટો સંતોષ બીજો હોઈ શકે નહીં. છેલ્લા કેટલાક વર્ષોમાં મેં જાણી-જોઈને એવા જ પ્રોજેક્ટ પસંદ કર્યા છે, જેમાં કંઈક નવું કરવાની તક મળે.

### વિક્રમ ફડણીસની નવી ફિલ્મ વિશે શું કહી શકો?

હાલમાં મેં વિક્રમ ફડણીસની હિન્દી ડિરેક્ટોરિયલ ફિલ્મનું શૂટિંગ પૂર્ણ કર્યું છે અને આ પ્રોજેક્ટ મારા માટે ખૂબ જ ખાસ રહ્યો. શરૂઆતથી જ આ ફિલ્મની સ્ક્રિપ્ટમાં કંઈક અલગ લાગ્યું હતું. વિક્રમ પાસે સ્ટોરીને લઈને ખૂબ સ્પષ્ટ વિઝન હતું. આ ફિલ્મમાં મને એવો રોલ મળ્યો છે, જે મારી અત્યાર સુધીની ઈમેજથી થોડો અલગ છે. હું હંમેશાં એવા પ્રોજેક્ટ શોધું છું જે મને મારા કમ્ફર્ટ ઝોનની બહાર લઈ જાય. દર્શકો મને આમાં એક નવા અંદાજમાં જોશે.

### આજકાલ તુ ફિલ્મ કરતાં વેબ સિરીઝમાં વધુ જોવા મળી રહ્યો છો. શું આ એક વિચારપૂર્વકનો નિર્ણય છે?

ખરેખર એવું નથી કે હું ફિલ્મો કરતાં વેબ સિરીઝને વધારે પ્રાથમિકતા આપું છું. મારા માટે માધ્યમ કરતાં સ્ટોરી વધુ મહત્વની છે. જો કોઈ ફિલ્મમાં મજબૂત સ્ક્રિપ્ટ હશે તો હું ચોક્કસ કરીશ, અને વેબ સિરીઝમાં કેરેક્ટરને વધુ ઊંડાણથી રજૂ કરવાની તક મળે છે. ઓટીટીએ એક્ટર્સને ઘણી નવી તકો આપી છે. આખરે હું ત્યાં જ કામ કરું છું જ્યાં એક્ટર તરીકે કંઈક નવું શીખવા મળે.

### ‘Yeh Kaali Kaali Ankhein’એ તને અલગ ઓળખ આપી છે?

આ સિરીઝ મારા માટે ટર્નિંગ પોઈન્ટ જેવી હતી. ‘વિક્રાંત’ એક સામાન્ય માણસ છે, પરંતુ પરિસ્થિતિ તેને અસામાન્ય નિર્ણયો લેવા મજબૂર કરે છે. આવા કેરેક્ટર ભજવવું સરળ નથી હોતું.

લોકોનો જે પ્રતિસાદ મળ્યો, એ ખરેખર યાદગાર હતો. આજે પણ ઘણા લોકો મને ‘વિક્રાંત’ તરીકે ઓળખે છે.

### સ્ક્રિપ્ટ પસંદ કરતી વખતે સૌથી પહેલા કઈ બાબત પર ધ્યાન રાખે છે?

હું સૌથી પહેલા સ્ક્રિપ્ટ એક સામાન્ય દર્શક તરીકે વાચું છું. જો વાંચતી વખતે આગળ શું થશે એની ઉત્સુકતા રહે, તો સ્ટોરીમાં કંઈક ખાસ છે. ત્યારબાદ કેરેક્ટરનો ગ્રોથ અને ઈમોશનલ જર્ની જોઉં છું. હું માત્ર સ્ક્રીન ટાઈમ માટે ક્યારેય પ્રોજેક્ટ પસંદ કરતો નથી, કેરેક્ટરની અસર વધુ મહત્વની છે.

> **લોકો માત્ર મારા કેરેક્ટર વિશે જ નહીં, પણ તેની પાછળની તૈયારી અને પરફોર્મન્સ વિશે પણ વાત કરી રહ્યા છે, એક એક્ટર તરીકે આનાથી મોટો સંતોષ બીજો હોઈ શકે નહીં**

### વારંવાર ગ્રે શેડ્સવાળા કેરેક્ટર કેમ પસંદ કરે છે?

વાસ્તવિક જીવનમાં પણ કોઈ વ્યક્તિ સંપૂર્ણ સારી કે સંપૂર્ણ ખરાબ હોતી નથી. ગ્રે શેડ્સવાળા કેરેક્ટરમાં એક્ટિંગ માટે ઘણું સ્પેસ મળે છે. તમે દર્શકોને વિચારવા મજબૂર કરી શકો છો કે આ વ્યક્તિ સાચી છે કે ખોટી. મને એવા કેરેક્ટર ગમે છે જે સ્ટોરી પૂરી થયા પછી પણ લોકોના મનમાં જીવતા રહે.

### આજના સમયમાં એક્ટર માટે સૌથી મોટો પડકાર શું છે?

આજે દર્શકો ખૂબ જ સ્માર્ટ થઈ ગયા છે. તેઓ માત્ર મોટા સ્ટારને નહીં, પણ સારા કન્ટેન્ટને મહત્વ આપે છે. એટલે હવે દરેક પ્રોજેક્ટમાં કંઈક નવું આપવું પડે છે. એક જ પ્રકારના રોલ કરતા રહેશો તો દર્શકો કંટાળી જાય છે.

### સકસેસ પછી પ્રોજેક્ટ સિલેક્શન સમયે કઇ સાવધાની રાખે છે?

બિલકુલ. સકસેસ પછી જવાબદારી વધી જાય છે. હું ઉતાવળમાં કોઈ પ્રોજેક્ટ સાઈન કરતો નથી. એક જ પ્રકારના રોલ કરવા કરતાં મને અલગ-અલગ દુનિયામાં જીવવું વધુ ગમે છે. મારા માટે લાંબી કારકિર્દી બનાવવી મહત્વની છે.

### અપકમિંગ ફિલ્મમાં દર્શકોને શું નવું જોવા મળશે?

આ વખતે હું થોડા અલગ ઈમોશનલ સ્પેસમાં જોવા મળીશ. વિક્રમ ફડણીસ સાથે કામ કરવાનો અનુભવ ખૂબ સુંદર રહ્યો. તેમણે દરેક સીનને સંવેદનશીલ રીતે ડિઝાઈન કર્યો છે. મને વિશ્વાસ છે કે દર્શકો મને આ નવા અંદાજમાં પણ સ્વીકારશે.

### કયા પ્રોજેક્ટે તને સૌથી વધુ બદલ્યો?

દરેક પ્રોજેક્ટે મને કંઈક શીખવ્યું છે. ‘મર્દાની’એ મને ઓળખ આપી, ‘છિછોરે’એ અલગ ઓળખ સ્થાપિત કરી, ‘83’માં સુનીલ ગાવસ્કર સાહેબની ભૂમિકા ભજવવી ગૌરવની વાત હતી, અને OTT પ્રોજેક્ટ્સે આત્મવિશ્વાસ વધાર્યો.

### એક્ટિંગ સિવાય કઈ વસ્તુ સૌથી વધુ પ્રેરણા આપે છે?

મને લોકોનું ઓબ્ઝર્વેશન કરવું અને પુસ્તકો વાંચવાં ખૂબ ગમે છે. એરપોર્ટ કે કેફેમાં બેસીને લોકોને જોવા એક્ટર માટે સૌથી મોટી ટ્રેનિંગ છે.

### ફિટનેસ પાછળ કેટલો સમય આપે છો?

ફિટનેસ મારા માટે લાઈફસ્ટાઈલ છે. એક્ટિંગ શારીરિક અને માનસિક બંને ક્ષમતા માગે છે.

હું નિયમિત વર્કઆઉટ, પૂરતી ઊંઘ અને સંતુલિત આહાર પર ધ્યાન આપું છું.

### OTTના સમયમાં એક્ટર્સ માટે સૌથી મોટો ફાયદો શું છે?

OTTએ હીરો કે વિલન જેવી જૂની વ્યાખ્યાઓ બદલી નાખી છે. હવે દરેક કેરેક્ટરને મજબૂત રીતે રજૂ કરવાની અને ઊંડાણથી એક્સપ્લોર કરવાની તક મળે છે.

### શરૂઆતના રિજેક્શન આજે યાદ આવે ત્યારે શું લાગે છે?

રિજેક્શને જ મને વધુ તૈયાર બનાવ્યો છે. તેને અંત નહીં, પરંતુ ટ્રેનિંગનો એક ભાગ ગણવો જોઈએ.

### જો Dream Role પસંદ કરવાનો મોકો મળે તો કયો કરશે?

કોઈ એક Dream Role નથી. સારી બાયોપિક, સાયકોલોજિકલ થ્રિલર કે પિરિયડ ડ્રામા જેમાં મલ્ટિપલ લેયર્સ હોય. તે મારી ડ્રીમ ચોઈસ રહેશે.

# પોલીસ નહીં, હવે ચાલશે ડિટેક્ટિવની નજર!

ફ્રી વોચ

OTT પર ક્રાઈમ, સસ્પેન્સ અને મિસ્ટ્રીના ચાહક છો અને દર અઠવાડિયે કંઈક નવું, મસાલેદાર અને ‘માઈન્ડ-બ્લોઈંગ’ જોવા માટે સ્ક્રોલિંગ કરતા રહો છો, તો તમારી વૉચલિસ્ટમાં એક નવું નામ ઉમેરવાનો સમય આવી ગયો છે– આદિત્ય કેસ ફાઈલ!

આજકાલની ભાગદોડ ભરેલી લાઈફમાં જ્યારે આપણને લાંબી-લચક સિરીઝ જોવાનો કંટાળો આવે છે, ત્યારે 7 એપિસોડનો આ ક્રિસ્પ અને મજેદાર શો બિલકુલ પર્ફેક્ટ બિંજ-વોચ વિકલ્પ સાબિત થાય છે. હિન્દી અને બંગાળી ભાષામાં ઉપલબ્ધ આ વેબ સિરીઝ Amazon MX Player પર ધૂમ મચાવી રહી છે. ચાલો જાણીએ કે આ સિરીઝમાં એવું તો શું ખાસ છે જે તમને સ્ક્રીન સાથે ચિટકાડી રાખશે!

કહાનીનો મુખ્ય હીરો છે આપણો પ્રાઈવેટ ડિટેક્ટિવ આદિત્ય. હવે તમે વિચારશો કે ડિટેક્ટિવ એટલે એ જ જૂનો-પુરાણો કોટ પહેરીને ફરતો અને મેગ્નિફાઈંગ ગ્લાસ લઈને પુરાવા શોધતો માણસ? ના ભાઈ ના! આદિત્ય બિલકુલ અલગ સ્વેગ ધરાવે છે. પણ તેની લાઈફમાં ટ્વિસ્ટ ત્યારે આવે છે જ્યારે તેની સામે એક એવો કેસ આવે છે જે સામાન્ય ચોરી-ચકારીનો નથી, પરંતુ બોલિવૂડ/ગ્લેમર વર્લ્ડના રહસ્યો સાથે જોડાયેલો છે.

કેસ છે એક ફેમસ એક્ટ્રેસનો! આ એક્ટ્રેસ પર સતત રહસ્યમય રીતે હુમલા થઈ રહ્યા છે, કોણ છે જે તેને નિશાન બનાવી રહ્યું છે? શું આ કોઈ પાગલ ફેનનું કામ છે, કોઈ જૂની દુશ્મની છે, કે પછી ગ્લેમર ઈન્ડસ્ટ્રીની પાછળ છુપાયેલું કોઈ ડાર્ક સિક્રેટ? આ બધા સવાલોના જવાબો શોધવાની જવાબદારી હવે આદિત્યના ખભા પર આવી જાય છે.

સિરીઝમાં જેમ-જેમ આદિત્ય તપાસ આગળ ધપાવે છે, તેમ-તેમ સિક્રેટ વધુ ઘેરું અને ગૂંચવણભર્યું બનતું જાય છે. શરૂઆતમાં જે ઘટના એક સામાન્ય અકસ્માત કે હુમલો લાગે છે, તે ધીમે ધીમે એક મોટું ષડયંત્ર બનીને સામે આવે છે.

અહીં શંકાની સોય માત્ર એક માણસ પર નથી રહેતી. દરેક પાત્રની પાછળ કોઈને કોઈ છુપાયેલો ભૂતકાળ છે, અજીબ વર્તન છે અને શંકાસ્પદ સંબંધો છે. ડિટેક્ટિવ આદિત્ય માત્ર પુરાવા કે ફિંગરપ્રિન્ટ્સ નથી શોધતો, પણ લોકોના મગજમાં શું ચાલી રહ્યું છે તે વાંચવાનો પ્રયાસ કરે છે. પરિણામે, દરેક એપિસોડના અંતે દર્શક તરીકે તમે પણ પોતાની જાતને એક પ્રાઈવેટ ડિટેક્ટિવ સમજીને અંદાજ લગાવવા લાગશો કે- અરે વાહ, આ તો પાક્કો ગુનેગાર લાગે છે! અને બીજા જ એપિસોડમાં તમારો અંદાજ ખોટો સાબિત થશે! આ જ તો આ સિરીઝની અસલી મજા છે.



ભારતીય સિનેમાના આ અદ્ભુત એક્ટરને આપણે ‘કહાની’ જેવી ફિલ્મોમાં જોઈ ચૂક્યા છીએ. આદિત્યના રોલમાં તેમનો એક્ટિંગ ખૂબ જ રોકિંગ અને ઈન્ટેન્સ છે. તેમની બોડી લેંગ્વેજ સ્ટોરીના રહસ્યને પકડી રાખવામાં મોટો ભાગ ભજવે છે.

બીજી તરફ, રિતાભરી ચક્રવર્તી પોતાના પાત્રમાં ગ્લેમરની સાથે-સાથે એક અલગ જ એનર્જી અને ઈમોશન્સ લાવે છે. એક ગભરાયેલી પરંતુ મજબૂત એક્ટ્રેસના પાત્રમાં તે ખૂબ જ સચોટ લાગે છે.

બંને કલાકારો વચ્ચેના સ્ક્રીન પ્રેઝન્સ અને ટકરાવના દ્રશ્યો શોમાં એક નવો જ રસ પેદા કરે છે.

આજના ફાસ્ટ યુગમાં કોઈની પાસે 20-25 એપિસોડ જોવાનો ટાઈમ નથી. આદિત્ય કેસ ફાઈલ માત્ર 7 એપિસોડની છે, એટલે કે તમે શનિવાર કે રવિવારે સિરીઝ જોઈ શકો છો.

આપણે સામાન્ય રીતે પોલીસ સ્ટેશન અને વર્દીવાળા ઈન્સ્પેક્ટરની તપાસ જોઈને કંટાળી જઈએ છીએ. અહીં એક પ્રાઈવેટ ડિટેક્ટિવની નજરથી સિક્રેટ રિવિલ થાય છે, જે એકદમ ફ્રેશ એક્સપિરિયન્સ આપે છે.

સસ્પેન્સ થ્રિલરમાં સૌથી ખરાબ બાબત એ હોય કે દર્શકને 3જા એપિસોડમાં જ ખબર પડી જાય કે કિલર કોણ છે, પણ આ સિરીઝ તમારા સવાલોના જવાબ છેલ્લે સુધી છુપાવી રાખવામાં સફળ રહે છે.

જો તમે આ વીકેન્ડ પર કંઈક થ્રિલિંગ, સસ્પેન્સથી ભરપૂર અને મગજની કસરત કરાવે તેવું જોવાનું વિચારી રહ્યા હોવ, તો આદિત્ય કેસ ફાઈલ તમારા માટે જ બનેલી છે.

ગ્લેમર વર્લ્ડના ચમકતા પડદા પાછળ કેટલા ડાર્ક સિક્રેટ છુપાયેલા છે અને આદિત્ય તે રહસ્યોના સ્તર કેવી રીતે એક પછી એક ખોલે છે– એ જાણવા માટે આ સિરીઝ પૉપકોર્નનો ટબ લઈને જોવા બેસી જાવ. ટૂંકમાં કહીએ તો, આ સિરીઝ તમારો સમય બિલકુલ વેસ્ટ નહીં કરે પરંતુ તમને પૂરેપૂરું મનોરંજન આપશે!

> **તમે પણ પોતાની જાતને એક પ્રાઇવેટ ડિટેક્ટિવ સમજીને અંદાજ લગાવવા લાગશો કે– અરે વાહ, આ તો પાક્કો ગુનેગાર લાગે છે! અને બીજા જ એપિસોડમાં તમારો અંદાજ ખોટો સાબિત થશે!**

# મિર્ઝાપુર સીઝન 4નું શું થયું?

મિર્ઝાપુર નામ સાંભળતાં જ ગન, ગાદી, ગાળો અને ‘ભૌકાલ’ યાદ આવી જાય. ત્રણ સીઝન સુધી દર્શકોને પોતાની દુનિયામાં ખેંચી રાખનારી આ સિરીઝની ચોથી સીઝનની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. પરંતુ હવે મિર્ઝાપુરની કહાનીમાં જ એક મોટો ટ્વિસ્ટ આવી ગયો છે, સીઝન 4ની ચર્ચા વચ્ચે મેકર્સે આ ફ્રેન્ચાઈઝીને સીધી OTT પર આગળ વધારવાને બદલે મોટા પડદા પર લઈ જવાનો નિર્ણય કર્યો છે. એટલે હાલ ફેન્સનું સૌથી મોટું ધ્યાન ‘મિર્ઝાપુરઃ ધ મૂવી’ પર છે.

સૌથી પહેલા એક વાત સ્પષ્ટ છે કે મિર્ઝાપુર સીઝન 4 રદ થઈ ગઈ છે એવું કહેવું યોગ્ય નથી, એમેઝોનના અપડેટમાં પણ સીઝન 3 બાદ સીઝન 4 માટે ફ્રેન્ચાઈઝીનું નવીકરણ થયેલું હોવાનું જણાવાયું હતું. જોકે, અત્યાર સુધી સીઝન 4ની ચોક્કસ રિલીઝ તારીખ જાહેર કરવામાં આવી નથી. 2026માં સીઝન 4 આવવાની ચર્ચા અગાઉ થઈ હતી, પરંતુ હવે ફ્રેન્ચાઈઝીની નવી ફિલ્મને મળેલી ફેમ જોતા સીઝન 4 ક્યારે આવશે તે અંગે સત્તાવાર સ્પષ્ટતા હજુ બાકી છે.

અને અહીંથી જ આખો મામલો રસપ્રદ બને છે. ‘મિર્ઝાપુરઃ ધ મૂવી’ 4 સપ્ટેમ્બર 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

એટલે મિર્ઝાપુરની દુનિયા હવે પહેલીવાર થિયેટરમાં જોવા મળશે. ફિલ્મમાં પંકજ ત્રિપાઠી કાલીન ભૈયાના રોલમાં, અલી ફઝલ ગુડ્ડુ પંડિત તરીકે અને દિવ્યેન્દુ મુન્ના ત્રિપાઠી તરીકે પરત ફરશે. શ્વેતા ત્રિપાઠી પણ ગોલુના પાત્રમાં જોવા મળશે.

મુન્ના ભૈયાની વાપસી સૌથી મોટું સરપ્રાઈઝ બની છે. સિરીઝમાં તેનું પાત્ર મૃત્યુ પામ્યા પછી પણ મેકર્સે તેને મિર્ઝાપુરની દુનિયામાંથી સંપૂર્ણપણે દૂર કર્યું નહોતું. હવે ફિલ્મમાં તેની હાજરીએ ફેન્સની ઉત્સુકતા અનેકગણી વધારી દીધી છે. તાજેતરના ટ્રેલર અને ફિલ્મના પ્રમોશનમાં પણ મુન્ના ભૈયાની વાપસી ખાસ ચર્ચામાં રહી છે. દિવ્યેન્દુએ પોતે પણ આ વાપસીને લઈને મજાકિયા અંદાજમાં વાત કરી છે.

ફિલ્મમાં માત્ર જૂના ચહેરા જ નથી. જીતેન્દ્ર કુમાર પણ ફ્રેન્ચાઈઝીમાં જોડાયો છે, જ્યારે રવિ કિશન નવા પાત્ર સાથે જોવા મળશે. એટલે મિર્ઝાપુરની જાણીતી દુનિયામાં નવા પાત્રો અને નવા સંબંધો પણ ઉમેરાશે. મેકર્સે સ્પષ્ટ કર્યું છે કે આ ફિલ્મ માત્ર જૂના દર્શકો માટે જ નહીં, પરંતુ જેમણે સિરીઝ જોઈ નથી તેમના માટે પણ માણી શકાય એવી રીતે બનાવવામાં આવી છે.




> **હવે મિર્ઝાપુરની કહાનીમાં જ એક મોટો ટ્વિસ્ટ આવી ગયો છે, સીઝન 4ની ચર્ચા વચ્ચે મેકર્સે આ ફ્રેન્ચાઇઝીને સીધી OTT પર આગળ વધારવાને બદલે મોટા પડદા પર લઈ જવાનો નિર્ણય કર્યો છે**

અપકમિંગ

અહીં સવાલ એ છે કે ફિલ્મ પછી સીઝન 4 આવશે કે નહીં? હાલ સૌથી સુરક્ષિત જવાબ છે–સીઝન 4નું ભવિષ્ય બંધ થયું નથી, પરંતુ તેની ચોક્કસ રિલીઝ ડેટની સત્તાવાર જાહેરાત હજુ થઈ નથી.

એટલે સોશિયલ મીડિયા પર ફરતી કોઈ ચોક્કસ તારીખને સત્તાવાર માનવી યોગ્ય નથી. હાલ મેકર્સનું મુખ્ય ફોકસ ફિલ્મના થિયેટર રિલીઝ પર છે.

મિર્ઝાપુર સીઝન 3ના અંતે ગુડ્ડુ અને ગોલુ માટે સત્તાની લડાઈ અધૂરી રહી હતી. બીજી તરફ કાલીન ભૈયાની કહાની પણ પૂરી થઈ નથી. હવે ફિલ્મમાં આ પાત્રોની દુનિયાને કઈ રીતે આગળ વધારવામાં આવે છે તે જોવાનું રહેશે. ખાસ વાત એ છે કે ફિલ્મનું ટ્રેલર જ બતાવી રહ્યું છે કે મેકર્સે મિર્ઝાપુરના જૂના ‘ભૌકાલ’ને મોટા પડદા માટે વધુ ભવ્ય બનાવવાનો પ્રયાસ કર્યો છે. એટલે હાલ મિર્ઝાપુરના ફેન્સ માટે મેસેજ એકદમ સાફ છે–‘ગાદી’ની કહાની હજુ પૂરી થઈ નથી, પરંતુ આગળનો રસ્તો થોડો બદલાઈ ગયો છે.

સીઝન 4 માટે રાહ જોતા દર્શકોને પહેલાં થિયેટરમાં મિર્ઝાપુરનો નવો અધ્યાય જોવા મળશે.

4 સપ્ટેમ્બર પછી ફિલ્મની સફળતા, કહાની અને મેકર્સના આગામી પ્લાન પરથી સીઝન 4ને લઈને વધુ સ્પષ્ટતા થવાની શક્યતા છે. ત્યાં સુધી એક જ વાત કહી શકાયઃ મિર્ઝાપુરનું ‘ભૌકાલ’ હજુ પૂરું થયું નથી, બસ આ વખતે સ્ક્રીન થોડી મોટી થઈ ગઈ છે!